| |
|---|
| **ઝઘડીયાના મે.એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા. જિલ્લો ભરૂચ** |

**<u>ક્રિમીનલ કેસ નં.૪૦૪૯/૨૦૨૩</u>**

**આંક–**

**::ફોર્મ–એ::**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.ઝઘડીયા, જિલ્લો ભરૂચ**<br>હુકમની તારીખ:–૧૩/૦૪/૨૦૨૬<br>**ક્રિમીનલ કેસ નં.૪૦૪૯/૨૦૨૩** | |
| **પોલીસ સ્ટેશન** | ઉમલ્લા પો.સ્ટે. તા.ઝગડીયા, જી.ભરૂચ |
| **ગુન્હો** | ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી એ.સી.સોલંકી |

**–:: વિરૂધ્ધ ::–**

| | |
|---|---|
| **આરોપી** | (૧) વિપુલભાઈ જેસીંગભાઈ વસાવા,<br>(૨) જેસીંગભાઈ મેલસંગભાઈ વસાવા,<br>બને રહે. ખોડી આમલી,તા.ઝઘડીયા,<br>(૩) વિપુલભાઈ કાલીદાસભાઈ વસાવા,<br>(૪) કાલીદાસભાઈ શાંતીલાલભાઈ વસાવા,<br>બંને રહે. ચાંદીયાપુરા,તા.ઝઘડીયા,જી.ભરૂચ, |
| **આરોપી તરફે** | વિ.વકીલશ્રી–બી.આર.શાહ |

**::ફોર્મ–બી::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૧૬/૦૫/૨૦૨૩ |
| એફ.આઈ.આરની તારીખ | તા.૧૬/૦૫/૨૦૨૩ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | તા.૧૦/૦૮/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | તા.૦૯/૦૧/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૮/૦૯/૨૦૨૪ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૧૩/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૩/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

## ::આરોપી ની વિગત::

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૪) |
| આરોપીનુ નામ | (૧) વિપુલભાઈ જેસીંગભાઈ વસાવા,<br>(૨) જેસીંગભાઈ મેલસંગભાઈ વસાવા,<br>(૩) વિપુલભાઈ કાલીદાસભાઈ વસાવા,<br>(૪) કાલીદાસભાઈ શાંતીલાલભાઈ વસાવા, |
| ધરપકડ કર્યા તારીખ | તા.૨૩/૦૫/૨૩ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૨૩/૦૫/૨૩ |
| કયો ગુન્હો નોધાયેલ | ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગત | – |
| ક્રિ.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમા રહેલ સમય | – |

## ::ફોર્મ સી::

## એ–ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી

| ક્રમ. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | અર્જુનભાઈ કાંતીભાઈની જુબાની | ફરીયાદી | ૯ |
| ૨ | જયદીપભાઈ ઠાકોરભાઈની જુબાની | પંચ સાહેદ | ૧૧ |
| ૩ | આનંદભાઈ મનુભાઈની જુબાની | પંચ સાહેદ | ૧૩ |
| ૪ | દશરથભાઈ અંબુભાઈની જુબાની | પંચ સાહેદ | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| **૫** | કમલેશભાઈ કાંતીભાઈની જુબાની | સાહેદ | ૧૯ |
| **૬** | રતીલાલભાઈ નેમીચાભાઈની જુબાની | સાહેદ | ૨૦ |
| **૭** | દતુભાઈ ઈશ્વરભાઈની જુબાની | સાહેદ | ૨૧ |
| **૮** | કિરણભાઈ કાલુભાઈની જુબાની | સાહેદ | ૨૨ |
| **૯** | કાળુભાઈ ફતેસીંગની જુબાની | સાહેદ | ૨૪ |
| **૧૦** | રીચા હરનીશકુમારની જુબાની | મેડીકલ ઓફીસર | ૨૭ |
| **૧૧** | રાજેન્દ્રભાઈ અર્જુનભાઈની જુબાની | ત.ક.અ | ૩૦ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**
**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:– સાહેદો તપાસેલ નથી.**

**<u>એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી</u>**

| **ક્રમ** | **આંક** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૧૦ | ફરીયાદ |
| ૨. | ૧૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩. | ૧૫ | આરોપીઓનુ અટક પંચનામું |
| ૪ | ૨૮ | પોલીસ યાદી |
| ૫ | ૨૯ | મેડીકલ સર્ટી |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન:– નથી.**

**<u>–: ચૂકા દો :–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે તા. ૧૬/૦૫/૨૩ ના કલાક ૨:૦૦ વાગે મોજે ખોડીઆંબલી ખાતે આ કામના

ફરીયાદી લગ્ન પ્રસંગમા હાજરી આપવા માટે તેના મિત્ર સાથે ગયેલ હતા તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીને કહેલ કે, તુ અમારા ગામમા લગ્નમા કેમ આવ્યો છે તેમ કહી ફરીયાદીને ફેટ પકડી મોઢાના ભાગે બે ત્રણ તમાચા મારી દીધેલ તે વખતે તેનુ ઉપરાણુ લઈ આરોપી નં.૩ નાઓ આવી બંને ભેગા મળી ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી નીચે પાડી દઈ છાતીના ભાગે ગડદાપાટુનો માર મારેલ તે વખતે આરોપી નં.૨,૪ નાઓ આવી ચારેય જણા ભેગા મળી ફરીયાદીને મા બેન સમાણી ગાળો બોલી ઢીકાપાટુનો માર મારતા જમીન ઉપર નીચે પડતા ડાબા હાથની કોણીથી ઉપરના ભાગે કંઈક વાગી જતા ચામડી ઉપર લીસોટા પાડી જતા લોહી નીકળેલ હતુ અને આરોપી નં.૩ નાઓએ ફરીયાદીને કહેલ કે હવી પછી બીજા કોઈ લગ્નમા દેખાયો તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબનો ગુનો કરી જેની ફરિયાદ ફરિયાદીએ આપતા આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે આરોપીઓ સામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામ.કોર્ટ તરફથી આરોપીઓ વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજી ગયેલ હોય આરોપી નામ.કોર્ટમાં હાજર થયેલ છે. આ કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ તહોમતનામું ફરમાવી ઉપરોકત ગુનાના કામે પ્લી લેતાં આરોપીને સદરહુ ગુનો કબુલ ન હોવાનું જણાવતા, જેથી સદરહુ કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ, આ કામે ક્રીમી.પ્રોસી.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતા વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.જેમા તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૪) ત્યારબાદ સદરહુ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદરહુ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:::-- મુદ્દા --:::**

**<u>મુદ્દા નં.૧</u>** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે તા. ૧૬/૦૫/૨૩ ના કલાક ૨:૦૦ વાગે મોજે ખોડીઆંબલી ખાતે આ કામના ફરીયાદી લગ્ન પ્રસંગમા હાજરી આપવા માટે તેના મિત્ર સાથે ગયેલ હતા તે વખતે આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીને કહેલ કે, તુ અમારા ગામમા લગ્નમા કેમ આવ્યો છે તેમ કહી ફરીયાદીને ફેટ પકડી મોઢાના ભાગે બે ત્રણ તમાચા મારી દીધેલ તે વખતે તેનુ ઉપરાણુ લઈ આરોપી નં.૩ નાઓ આવી બંને ભેગા મળી ફરીયાદીને ઢીકાપાટુનો માર મારી નીચે પાડી દઈ છાતીના ભાગે ગડદાપાટુનો માર મારેલ તે વખતે આરોપી નં.૨,૪ નાઓ આવી ચારેય જણા ભેગા મળી ફરીયાદીને મા બેન સમાણી ગાળો બોલી ઢીકાપાટુનો માર મારતા જમીન ઉપર નીચે પડતા ડાબા હાથની કોણીથી ઉપરના ભાગે કંઈક વાગી જતા ચામડી ઉપર લીસોટા પાડી જતા લોહી નીકળેલ હતુ અને આરોપી નં.૩ નાઓએ ફરીયાદીને કહેલ કે હવી પછી બીજા કોઈ લગ્નમા દેખાયો તો તને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**<u>મુદ્દા નં.૨.</u>** શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે. :

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**(૭) મુદ્દા નં.૧ અને ૨ અંગે :–**

**(૭.૧)** સદર કામે આરોપીઓ વિરૂઘ્ધ ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબનો ગુન્હો કર્યા અંગેનુ તહોમત છે. સદરહુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલ છે.

**(૭.૨)** સૌપ્રથમ આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ ગુન્હા અંગેની કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે.

**ઈ.પી.કો.કલમ ૩૨૩:–સ્વૈચ્છાપુર્વક વ્યથા કરવા બાબત:–**

જે કોઈ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય,સ્વૈચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની, અથવા એક હજાર રુપીયા સુધીના દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામા આવશે.

**ઈ.પી.કો.કલમ ૩૨૩ના આવશ્યક તત્વો:–**

(૧) આરોપીએ અન્ય કોઈ વ્યકિતને વ્યથા પહોચાડેલ હોવી જોઈએ.

(૨) આવી વ્યથા સ્વૈચ્છાપુર્વક પહોચાડેલ હોવી જોઈએ.

(૩) આવો કેસ આઈ.પી.સી.કલમ ૩૩૪ ના પરિપ્રેક્ષ્યમા આવતો ન હોવો જોઈએ.

**ઈ.પી.કો.કલમ ૫૦૪. સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન. :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવી સંભવ હોવાનું જાણવા છતાં, કોઈ પણ વ્યકિત ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**આઈ.પી.સી.કલમ ૫૦૪ ધ્યાને લેતા તેમા જે આવશ્યક તત્વો છે તે નીચે મુજબ છે:–**

(૧) ઈરાદાપુર્વક એવી વ્યકિતનુ અપમાન અને ત્યાં તેને ઉશ્કેરણી આપે છે.

(૨) વ્યકિત અપમાન માંગો અથવા તેને ખબર જ જોઈએ સંભવિત છે કે આવા ઉશ્કેરણી તેને જાહેર શાંતિ વિરામ કરવા માટે અથવા કોઈ અન્ય ગુનો મોકલવુ કારણ હશે.

**ઈ.પી.કો.કલમ ૫૦૬. ગુન્હાહિત ધમકીની સજા. :–**

કોઈ પણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાં થી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે: જો તે ધમકી મક્રત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા

મહાવ્યથા કરવાની અથવા આગળથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવા કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર હીનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે:

**<u>કલમ ૫૦૬(૨) ધ્યાને લેવામા આવે તો તેના આવશ્યક તત્વો નીચે મુજબ છે:–</u>**

૧. કોઈ વ્યકિતને ઈજા કરવાની ધમકી આપવી.(ક)તેમના વ્યકિત,પ્રતિષ્ઠા અથવા મિલ્કત અથવા,(ખ) વ્યકિત કે કોઈપણ એક જેને તે વ્યકિત રસ છે પ્રતિષ્ઠા છે.

૨. ધમકી(નીચેની) ઈરાદા સાથેની હોવી જોઈએ.(ક) કે વ્યકિત એલાર્મ થાય છે,અથવા (ખ) કોઈ કૃત્ય કે જે કોઈ વ્યકિત કાયદેસર રીતે કરવા માટે બંધાયેલ ન હોવા છતા તે વ્યકિતને કૃત્ય કરવા માટે ફરજ પાડવી અને તે કૃત્ય તેઓ આવી ધમકી ના આપવાના કારણે કૃત્ય કરી શકે નહી તે મુજબ હોવુ.

૩. કોઈ વ્યકિતને કોઈ કાર્ય કે કૃત્ય ટાળવા માટે ધમકી આપવી અને તે કૃત્ય તે વ્યકિત કાયદેસર રીતે કરવા માટે હકકદાર હતો.

**<u>કલમ ૧૧૪. ગુન્હો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી :–</u>**

૧. પોતે હાજર ન હોય અને પોતે કરેલી મદદગારીના પરિણામે થયેલાં જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યકિત સજને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુન્હો કર્યો છે તેમ ગણાશે.

**<u>આઈ.પી.સી.કલમ ૧૧૪ ધ્યાને લેતા તેમા જે આવશ્યક તત્વો છે તે નીચે મુજબ છે:–</u>**

૧. આ કામના આરોપીએ ગુન્હાંમાં સહાય કરેલી હોવી જોઈએ.
૨. જે ગુન્હો/કાર્ય છે તે ખરેખર દુષ્પ્રેરણના પરિણામે થયેલ હોવો જોઈએ.
૩. આરોપી જયારે ગુન્હો કરવામા આવલ ત્યારે હાજર હોવો જોઈએ.

**(૭.૩)** ઉપરોકત મુજબના આવશ્યક તત્વો ધ્યાને લીધા બાદ આ કામે ફરીયાદપક્ષ તરફ્ર રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવા જરૂરી છે.

**<u>ફરીયાદપક્ષનો પુરાવો:–</u>**

ફરીયાદપક્ષ તરફે સૌપ્રથમ પોતાની હકીકતો પુરવાર કરવા સારૂ આ કામના ફરીયાદી અર્જુનભાઈ કાંતીભાઈ નાઓને આંક–૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે જેમા તેઓએ આંક–૧૦ થી રજુ ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ છે. જે મુજબ બનાવ તા. ૧૬/૦૫/૨૩ ના રોજ રાત્રે બે વાગે ખોડી આમલી ગામે લગ્ન પ્રસંગમા બનેલો. ફરીયાદી તેમના મિત્ર કમલેશ સાથે લગ્નમા ગયેલા અને બેન્ડ પાર્ટી વાગતી હતી ત્યારે સાઈડમા ઉભા જોતા હતા ત્યારે વિપુલ જેસંગ ફરીયાદી પાસે આવી ફેંટ પકડી કેમ લગ્નમા આવેલો છે તમ કહી મા બેન સમાણી ગાળો બોલી બે ત્રણ તમાચા મારી દીધેલા અને નીચે પાડી દીધેલો. આરોપી વિપુલ સાથે આરોપી કાલીદાસ પણ હતો અને પછી બીજા આરોપીઓએ આવીને ગાળો બોલી ચારેય આરોપીઓ ઢીકાપાટુનો માર મારેલો તે સમયે ફરીયાદીને ડાબા હાથની કોણીમા કઈક વાગી

ગયેલ અને લોહી નીકળેલ. ત્યારબાદ આજુબાજુના ગામવાળા લોકોએ આવી તેમને છોડાવેલ ત્યારે આરોપી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા. કમલેશભાઈ તેમને ૧૦૮ મા ઉમલ્લા સરકારી દવાખાને લાવેલા.

સદર ફરીયાદીની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ કરતા ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગ્રામ પંચાયતના ઈલેકશનમા આરોપી કાલીદાસના પત્ની સુમીત્રાબેને સરપંચમા ઉમેદવારી નોધાવેલી અને વિજેતા થયેલા, તેમના ગામના ધર્મેન્દ્રસિંહ સાથે સારા સંબંધ છે, ધર્મેન્દ્રસિંહ રાજકીય આગેવાન છે, સુમિત્રાબેને ધર્મેન્દ્રસિંહ વિરૂધ્ધ ફરીયાદ આપેલી તે બાદ ધર્મેન્દ્રસિંહને ઘણી વખત મળવાનો પ્રસંગ બનેલો, લગ્ન રતીલાલ નીમીચાભાઈના ઘરની બાજુમા હતુ, બીજા ઘણા રહેણાંકના મકાનો આવેલા હતા, પહેલા દવાખાને ગયેલ ત્યારબાદ ફરીયાદ આપેલ, પહેલા પણ જીતપુરા મુકામે રહેતા અને હાલ પણ ત્યા રહે છે, ફરીયાદ આપ્યા બાદ પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનુ બનેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો તથા આંક–૧૫ થી રજુ આરોપીઓની અટક પંચનામાના પંચ સાહેદોને સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. પરંતે તેઓએ પંચનામામાં સહી સિવાયની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર સાહેદો હોસ્ટાઈલ જાહેર થયા બાદ ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા પંચનામુ તેઓને રૂબરૂમા થયેલ હોવાની હકીકતને તેઓએ સમર્થન આપેલ નથી.

ત્યારબાદ ફરીયાદીના મિત્ર એવા સાહેદ કમલેશભાઈ કાંતીભાઈને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા

છે તેઓએ પોતાની સરતપાસમા જણાવેલ છે કે બનાવ રાત્રે ૨ વાગે બનેલો જેમા અર્જુનભાઈને વિપુલભાઈએ ઢીકાપાટુનો માર મારેલો. આ ઝઘડો શા બાબતે થયેલો તેની તેમને ખબર નથી અને અર્જુનભાઈને હાથમા વાગેલુ પછી ૧૦૮ મા સરકારી દવાખાને લઈ ગયેલા. સદર સાહેદની આરોપીપક્ષ તરફે થયેલ ઉલટતપાસમા સદર સાહેદે એ હકીકતો સ્વીકાર કરેલ છે કે અર્જુનભાઈના કહેવાથી તેઓ સાક્ષ તરીકે રહેલા, લગ્નવાળી રાત્રે ૩૦૦ થી ૪૦૦ માણસો આવેલા, લગ્ન રતિલાલના ખુલ્લા ખેતરમા હતુ, લગ્નમા ડીજે પાર્ટી હોય ૩૦૦ થી ૪૦૦ માણસ નાચતા હતા જેમા ધકકા મુકકી થયેલી અને અર્જુનભાઈ પડી ગયેલા અને પછી ૧૦૮ બોલાવેલી, સરતપાસની હકીકત પ્રથમવાર જણાવે છે, સુમિત્રાબેન કાલીદાસ સરપંચ છે, સુમીત્રાબેન જીત્યા એ વખતે અર્જુનભાઈ હારી ગયેલા આથી ત્યારથી કાલીદાસભાઈ અને અર્જુનભાઈને બોલવા ચાલવાના સંબંધ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૨૦ થી સાહેદ રતિલાલ તેમજ આંક–૨૨ થી સાહેદ કિરણભાઈ કાલુભાઈને તથા આંક–૨૪ થી સાહેદ કાળુભાઈ ફતેસિંહને તપાસવામા આવેલા છે  કે જેઓના ત્યાં આ બનાવવાળો લગ્ન પ્રસંગ હતો. પરંતુ સદર સાહેદોએ બનાવ બાબતે કોઈ જાણકારી નહી હોવાનુ જણાવેલ છે તેમજ હોસ્ટાઈલ જાહેર થયા બાદ ઉલટતપાસ પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદની હકીકતને સમર્થનકારી કોઈ હકીકત જણાવેલ નથી.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૭ થી મેડીકલ ઓફીસર ડો. રીયા પંચોલીને તપાસતા આંક–૨૯ થી રેકર્ડ પર સારવાર/મેડીકલ સર્ટીફિકેટ રેકર્ડ પર આવેલ છે. તેઓની સરતપાસની હકીકત મુજબ તા. ૧૬/૦૫/૨૩ ના રોજ સવારે ૪:૨૦ વાગે અર્જુનભાઈ કાંતીભાઈ સારવાર માટે આવેલા અને હિસ્ટ્રી પુછતા જણાવેલ કે મારા મારી થયેલ

છે અને લાકડીથી છાતી પર અને પગ ઉપર વારંવાર મારવામા આવેલ અને ડાબા હાથે ચપ્પુથી ઈજા કરેલ તથા ઈજાઓમા ડાબા હાથે ઉજરડો તથા ડાબી બાજુએ ચહેરો તથા આંખ સુજેલી હતી તથા દર્દીને રીફર કરવામા આવેલા. સદર સાહેદે જણાવેલ છે કે, આવી ઈજાઓ સખત અને બોથડ પદાર્થ કે લાકડી વડે થઈ શકે તેવી હતી.

ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૦ થી આ કામના તપાસ કરનાર અમલદાર રાજેન્દ્રભાઈ નાઓને તપાસવામા આવેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમા પી.એસ.ઓ તરફથી ફરીયાદની તપાસ મળતા ગુનાના કામે પંચનામુ કરી આરોપીઓની અટક કરી સાહેદોના નિવેદનો લઈ સારવાર સર્ટીફિકેટ મેળવી ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે. સદર સાહેદની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ થતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે હાલના બનાવ અગાઉથી અણબનાવ ચાલતો હતો, આરોપી કાલીદાસભાઈના સંબંધીએ ધર્મેન્દ્રસિંહ છાસટીયા વિરૂધ્ધ એટ્રોસીટીની ફરીયાદ કરેલી. આ સિવાય ફરીયાદપક્ષ તરફે બીજા કોઈ પુરાવા રજુ નથી.

**<u>ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાંકનઃ–</u>**

**(૭.૪)** ઉપરોકત મુજબના ફરીયાદપક્ષના પુરાવાઓનુ ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરવમા આવે તો એક બાબત તો સ્પષ્ટ છે કે, ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે પંચાયતની ચુંટણી બાબતે અગાઉથી મતભેદ અણબનાવ ચાલતા હતા. વધુમા ફરીયાદીએ બનાવ બાદ પ્રથમ સવારે ૪:૨૦ વાગે સારવાર લીધેલ છે તેમજ એફ.આઈ.આરની હકીકત મુજબ ફરીયાદ બપોરે ૨:૨૦ વાગે આપેલ છે. આ કામે ફરીયાદીની જુબાની મુજબ તેઓ ૧૦૮ માં પ્રથમ દવાખાને ગયેલ ત્યારબાદ

ફરીયાદ આપેલી. પરંતુ મેડીકલ ઓફીસરની જુબાની તેમજ આંક–૨૯ થી રજુ સારવાર સર્ટીફિકટની હકીકત મુજબ દર્દી પોલીસ યાદી સાથે સારવાર માટે આવલા. આમ, ફરીયાદી પ્રથમ પોલીસ સ્ટેશન ગયેલ છે અને ફરીયાદી પોતાની જુબાનીમા અલગ હકીકત જણાવે છે. હવે આંક–૨૯ થી રજુ સારવાર સર્ટીફિકેટમા હિસ્ટ્રીની હકીકત વંચાણે લેવામા આવે તો તેમા કોના ધ્વારા માર મારવામા આવ્યો તેવો કોઈ ઉલ્લેખ નથી. વધુમા એવુ જણાવેલ છે કે, લાકડાની સ્ટીક(લાકડી) વડે માર મર્યો ઘરે ૧૧:૦૦ એ.એમ, લાકડી વડે છાતી અને પગે ઘણી વાર માર માર્યો, ચપ્પા વડે ડાબા હાથે માર્યુ. આમ, ફરીયાદી પ્રથમ પોલીસ સ્ટેશન ગયા ત્યારબાદ પોલીસ યાદી સાથે મેડીકલ ઓફીસર સમક્ષ ગયા અને ત્યા લાકડી વડે ૧૧:૦૦ વાગ્યે ઘરે માર માર્યો તેવુ જણાવ્યુ તેમજ ચપ્પુથી માર માર્યો તેવુ જણાવ્યુ પરંતુ જયારે પોલીસ ફરીયાદ કરી ત્યારે નામ જોગ વિપુલ જેસીંગે લાફા માર્યા અને ચારેય આરોપીઓએ ઢીકાપાટુનો માર માર્યો તેવુ જણાવ્યુ. ફરીયાદમા લાકડી કે ચપ્પુ એવા કોઈ જ હથીયારોનો ઉલ્લેખ કર્યો નહી અને ફરીયાદમા પડી જતા ડાબા હાથે કાંઈ વાગ્યુ તેવુ લખાવેલ છે. કોર્ટ રૂબરૂ પણ ફરીયાદીએ પોતાની સરતપાસમા મેડીકલ ઓફીસર સમક્ષ આપેલ હિસ્ટ્રી કરતા અલગ હકીકત જણાવેલ છે. વધુમા મેડીકલ ઓફીસર સમક્ષ આરોપીઓના કોઈ નામ પણ જણાવ્યા નથી.  ફરીયાદીના મિત્ર એવા સાહેદ કમલેશભાઈએ પણ માત્ર એક આરોપી વિપુલભાઈ સાથે ઝઘડો થયેલ અને માર મારેલ તેવુ જણાવેલ છે અને ચારેય આરોપીઓ હાજર હોય તેવી કોઈ હકીકત સરતપાસમા જણાવી નથી અને ઉલટતપાસમા સ્વીકારેલ છે કે લગ્નની પાર્ટીમા ૩૦૦ થી ૪૦૦ માણસો નાચતા હતા તેમા ધકકા મુકકીમા ફરીયાદી પડી ગયેલા. જેઓના ત્યા લગ્નમા ફરીયાદી પડી ગયેલા, જેઓના ત્યા લગ્ન હતા

તેવા સાહેદોએ બનાવની કોઈ જ હકીકત જણાવી નથી. આમ, ફરીયાદીના પુરાવાથી બનાવનુ સ્થળ, સ્થળ ઉપર તમામ આરોપીઓની હાજરી, ઈજાઓ કોણે કેવી રીતે કરી આ તમામ બાબતોમા મહત્વનો ગણી શકાય તેવો વિરોધાભાસ રહેલો છે. ફરીયાદીની ઈજાઓનુ વર્ણન, હિસ્ટ્રીનુ વર્ણન સારવાર સર્ટીફિકેટમા છે તે ચોકકસ કયા આરોપીએ કરી તે બાબતમા પણ સ્પષ્ટતા નથી. સારવાર સર્ટીફિકેટ મુજબની ઈજા ફરીયાદી પોતાના મૌખિક પુરાવામા જણાવતા નથી. ફરીયાદપક્ષના પુરાવાઓથી એ પણ નિ:શંકપણે પુરવાર થતુ નથી કે ચારેય આરોપીઓએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલ હોય. ખુદ ફરીયાદી જ ફરીયાદ અને મેડીકલ ઓફીસર સમક્ષ તદન અલગ હકીકતો જણાવે છે. આવા સંજોગોમાં એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે હાલના આરોપીઓએ જ ઈજા કરવાના ઈરાદે જ સ્વેચ્છાપૂર્વક ફરીયાદીને ફરીયાદમા જણાવેલ બનાવ મુજબ ઈજા પહોચાડેલ હોય. આમ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ **ઈ.પી.કો કલમ ૩૨૩** મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

**ઈ.પી.કો કલમ ૫૦૪** મુજબના આરોપી સામે આક્ષેપાયેલ તહોમત અંગે વિચારણા કરવામા આવે તો આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામા આવેલ ફરીયાદી કે અન્ય સાહેદોની જુબાનીથી ઈ.પી.કો કલમ–૫૦૪ ને સંતોષાય તેવો કોઈ જ પુરાવો જણાઈ આવતો નથી. આ કામના આરોપીએ શું ગાળો બોલેલી, જે ગાળો બોલેલી તેનાથી કોઈ વ્યકિત જાહેર શાંતિનો ભંગ કરવા પ્રેરાય તેવુ ફરીયાદપક્ષના પુરાવાથી રેકર્ડ ઉપર આવતુ નથી. **નામ. ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમા ૨૦૦૭ જી.એલ.એચ(૧) ૩૩૭** માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત અનુસાર જયા સુધી ગાળ

માટે કોઈ ચોકકસ શબ્દ અક્ષર સહ રેકર્ડ ઉપર ન આવે ત્યા સુધી આરોપીઓને તકસીવારન ઠરાવી શકાય નહી.

**ઈ.પી.કો કલમ–૫૦૬(૨)** નો ગુન્હો પણ શાબ્દીક ઉચ્ચારણનો ગુન્હો છે અને આ ગુન્હો સાબિત થવા માટે પણ હાલના આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી જેના કારણે ફરીયાદી ભયભીત થયેલા અને પોતાના રોજીંદા કાર્યોથી અળગા રહેલા અને પોતાના રોજીંદા કાર્યો કરવામા અસમર્થ રહેલા હોય તેવી બાબત અંગેના ચોકકસ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. માત્ર આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેમ જણાવી દેવાથી ઈ.પી.કો કલમ–૫૦૬(૨) ના આવશ્યક તત્વો પુરવાર થયેલા માની શકાય નહી. આ કામે ફરીયાદી કે અન્ય સાહેદોની જુબાનીથી ઈ.પી.કો કલમ–૫૦૬(૨) ના આવશ્યક તત્વો પોષાય તેવો કોઈ જ મૌખિક પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ **ઈ.પી.કો કલમ ૫૦૪ અને ૫૦૬(૨)** મુજબનો ગુન્હો પુરવાર કરવામા સદંતર નિષ્ફળ નિવડેલા છે.

(૮) ઉપરકોત તમામ ચર્ચા મુજબ આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ તહોમત પુરવાર કરવા સારૂના ફરીયાદપક્ષના પુરાવાઓમા ઘણી મહત્વની ખામીઓ રહેલ છે આવા સંજોગોમાં આરોપીઓ વિરૂઘ્ધ આક્ષેપાયેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય તમામ શંકાઓનો લાભ આરોપીપક્ષે જઈ રહેલ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી અને તે મુજબ જ મુદા નં.૧ નો જવાબ નકારમા આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## / / <u>**આખરી હુકમ**</u> / /

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ મુજબ ગુના સબબ સ્પષ્ટ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(એ) મુજબના રૂ.૫૦૦૦/–ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૪/૨૦૨૬
સ્થળ : ઝગડીયા.

**(ઈ.આર.ક્ષત્રિય)**
એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝગડીયા.
**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭**